સ્વર્ણિમ પાર્કમાં લાઈટીંગ્સની ઝળહળા માટે ત્રણ કરોડ ખર્ચાશે

પાર્ક, ફુડકોર્ટ, વોક વેમાં રોપ, એલાઈડ અને બોબાર્ડ પ્રકારની લાઈટ પ્રકાશ પાથરશે

ગાંધીનગર, તા.૩૦

સ્વર્ણિમ પાર્કના લેન્ડ સ્કેપીંગનું કામ શરૂ કરી દેવાયું છે. પાર્કના મધ્યભાગમાં ઉદ્યાન, વોટર બોડી, ચિલ્ડ્રન પાર્ક સહિતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. જ્યારે પાર્ક અને ફૂડકોર્ટને અનુલક્ષી રૂ. ૩ કરોડના ખર્ચે ઈલેકટ્રીફીકેશનનું કામ હાથ ધરાશે. સ્વર્ણિમ પાર્કમાં વિવિધ પ્રકારની લાઈટીંગ્સની પણ ઝળહળા ઉભી કરાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કની મહત્વાકાંક્ષી યોજનાને અનુલક્ષી બીજા તબક્કાની કામગીરી આરંભી દેવાઈ છે. પ્રથમ તબક્કામાં ગ-૪ અને ઘ-૪ સુધીના રૂટમાં રસ્તા અને ફૂટપાથનું કામ પૂર્ણ કરાયા બાદ બીજા તબક્કાની કામગીરી પણ શરુ કરી દેવાઈ છે. જેમાં કરોડોના ખર્ચે સ્વર્ણિમ પાર્કના સેન્ટ્રલ વર્જમાં ઉદ્યાનની હરિયાળી વચ્ચે રંગબેરંગી ફાઉન્ટેઈન, ચિલ્ડ્રન પાર્ક, ફૂડકોર્ટ, ભૂલભૂલૈયા તેમજ વોટરબોડી સહિતના અનેક આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. સ્વર્ણિમ પાર્ક નગરનું નવું જોવાલાયક નજરાણું બને તેવા પ્રયાસો હાથ ધરાયા છે ત્યારે ફૂડકોર્ટ અને પાર્કને અનુલક્ષી ઈલેકટ્રીફીકેશનનું કામ પણ વિશિષ્ટ પ્રકારનું થશે. આ વિસ્તારમાં રૂ.૩ કરોડના ખર્ચે લાઈટીંગ્સની કામગીરી હાથ ધરાશે. જેમાં પાર્કના રૂટમાં એલ.ઈ.ડી.ની ડાઉનલાઈટસ, રોપ લાઈટ, મેટલ એલાઈડ વ્હાઈટ લાઈટ તેમજ વોક વેના રૂટમાં નાના બોબાર્ડ મુકાશે. સ્વર્ણિમ પાર્કની ભવ્યતાની સાથે રોશની અને સુશોભનની સાથે રોશની અને સુશોભનની ઝાકમઝોળ પણ નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

બે દાયકા બાદ ઉદ્યોગભવનની ૧૪ લિફ્ટ બદલાશે : ૫ કરોડનો ખર્ચ

વિશાળકાય બિલ્ડીંગમાં મોટાભાગની લિફ્ટ્સ કંડમ હાલતમાં આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે ભવનની લિફ્ટ્સ બદલાઈ જશે

ગાંધીનગર, તા. ૩૦

ઉદ્યોગભવનના વિશાળકાય બિલ્ડીંગમાં બે દાયકાના અંતે ખખડધજ બનેલી લીફટોને

બદલવામાં આવશે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી બિલ્ડીંગની લીફટો છાશવારે ખોરવાતી હોવાથી મુલાકાતીઓ લીફટમાં સલવાઈ જતા હોવાના પણ અનેક કિસ્સા ધ્યાને આવ્યા છે. જ્યારે ટેકનીકલ દૃષ્ટિએ મોટાભાગની લીફટ કંડમ હાલતમાં હોવાનું માલુમ પડતા ભવનની ૧૪ લીફટો બદલીને નવી નાંખવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ થાય તેવો અંદાજ છે.

બોર્ડ-નિગમની વિવિધ ઓફિસો જ્યાં સ્થાયી છે તેવા ઉદ્યોગભવનના તોતિંગ બિલ્ડીંગમાં રોજબરોજ હજારો કર્મચારીઓ અને મુલાકાતીઓની અવર-જવર જોવા મળે છે. નગરના અન્ય વિસ્તારમાં સ્થિત ભૂલભૂલૈયા સમાન ઉદ્યોગભવનના હાઈરાઈઝ બિલ્ડીંગમાં કર્મચારીઓ તેમજ મુલાકાતીઓની સરળતા માટે અનિવાર્ય લીફટની સુવિધા બિલ્ડીંગ નિર્માણ સમયથી જ ઉપલબ્ધ છે. ભવનના વિવિધ બ્લોકમાં હાલની સ્થિતિએ અંદાજિત ૨૦ જેટલી લીફટ છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભવનની લીફટસમાં વારંવાર ટેકનિકલ ખામી સર્જાતી હોવાથી મુલાકાતીઓએ ઘણીવાર લીફટમાં જ પુરાવાનો વારો આવ્યો હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. આવા સંજોગોમાં ઉદ્યોગભવન સોસાયટી માટે ખખડધજ બનેલી લીફટની જાળવણીનું કામ પાર પાડવાનું પણ મુશ્કેલ બન્યું છે. જ્યારે ખામીયુક્ત ભવનની લીફટસ પણ જૂની અને કંડમ હોવાનું ચિત્ર ઉપસી આવતા ૨૦ પૈકી ૧૪ લીફટ બદલવાનો નિર્ણય લેવાયો છે. બે દાયકાના અંતે

● અનુસંધાન પાન-૭ પર

પાણી શુદ્ધિકરણની પ્રક્રીયા સામે પ્રશ્નાર્થ તપાસ કરવા ઉગ્ર માંગ

શુધ્ધ કર્યા વગર જ કેનાલનું સીધું પાણી અપાય છે : મહાસંઘ

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં છેલ્લા એક મહીનાથી ડહોળું પાણી આવતું હોવાનો જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે તંત્ર દ્વારા પાણી શુધ્ધ કર્યા વગર જ પાણીનો સપ્લાય આપવામાં આવતો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પાણીની ગુણવત્તા અને શુધ્ધિકરણની પ્રક્રીયા સંદર્ભે યોગ્યતા ચકાસવા વિભાગના સચિવ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

શહેરમાં છેલ્લા મહિનાથી ડહોળું પાણી આવતું હોવાની બૂમરાણ ઉઠવા પામી છે ત્યારે ચરેડી અને સરિતા ઉદ્યાનની ટાંકીમાંથી શુધ્ધ કર્યા વગર જ પાણીનો સપ્લાય થતો હોવાની ગંભીર ફરિયાદ શહેર વસાહત મહાસંઘે ઉઠાવી છે. મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાના જણાવ્યા મુજબ નર્મદા કેનાલમાં તંત્રની બેદરકારીના કારણે લીલ તેમજ ગંદકી ખદબદી રહી છે. 'સ્યુસાઈડ પોઈન્ટ' બનેલી કેનાલનું પાણી લાઈન દ્વારા સરિતા અને ચરેડીના સંપમાં ઠાલવી સેકટરોમાં સપ્લાય કરવામાં આવે છે. જવાબદાર એજન્સી તેમજ તંત્ર દ્વારા ફટકડી તેમજ કલોરીનેશનની પ્રક્રિયા હાથ ધર્યા સિવાય સીધું જ નર્મદાનું ડહોળું પાણી સપ્લાય કરવામાં આવે છે. છેલ્લા એક મહિનાથી ગુણવત્તા વગરનું પાણી અપાતા નાના બાળકોમાં પણ બિમારીનું પ્રમાણ વધ્યું છે. પાણીના સંપમાં પણ ત્રણથી ચાર ફૂટ કાદવ જામી ગયો છે. જયારે આસપાસ પણ ગંદકી ખદબદી રહી છે. આ ઉપરાંત સપ્લાય માટેની જૂની પાઈપલાઈનોમાં પણ કાણાં પડી ગયા હોવાથી નગરજનોને દૂષિત પાણી મળે છે. આ મામલે પાણીનું યોગ્ય રીતે શુધ્ધિકરણ થાય તેની તપાસ હાથ ધરી યોગ્ય પગલા લેવા પ્રબળ માંગ કરવામાં આવી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગરસમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

શ્રી સમસ્ત દ્રહણમાજ, ગાંધીનગર દ્વારા આયોજીત
ટેલેન્ટ ઈવનિંગ-૨૦૧૨
તારીખ ૧૬-૯-૨૦૧૨ ના રોજ ૮.૦૦ કલાકે દ્રહણમાજ, સેક્ટર-૧૬, ખાતે ટેલેન્ટ ઈવનિંગ-૨૦૧૨નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.
[illegible]
ફોર્મ : તા.૨-૯-૨૦૧૨ પછી ફોર્મ સ્વિકારવામાં આવશે નહી.
શ્રી નરેશ દવે (પ્રમુખશ્રી) મો. [illegible]
શ્રી સી.એલ.મહેતા (ઉપપ્રમુખ) મો. [illegible]
શ્રી મુંજાલ રાવલ (સાંસ્કૃતિક મંત્રી) મો. [illegible]
જયશ્રી મેહિયા (સાંસ્કૃતિક મંત્રી) મો. [illegible]
શ્રી સમસ્ત દ્રહણમાજ, ગાંધીનગર.

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણાએ ગુરુવારે સત્તા સોંપણીના મુદ્દે સરકાર સામે આંદોલનનો આરંભ કર્યો હતો. મેયરની સાથે આ આંદોલનમાં કોંગીના કાઉન્સીલર્સ પણ જોડાયા હતા. એક દિવસીય પ્રતીક ઉપવાસમાં શહેર સંગઠનના આગેવાનોએ પણ મેયરનો સાથ આપ્યો હતો. (તસવીર : દિપક જાની)

સત્તા સોંપણીના પ્રશ્ને કોંગ્રેસ જલદ આંદોલન કરશે : મહેન્દ્રસિંહ રાણા

સત્યાગ્રહ છાવણીમાં મેયરના પ્રતિક ઉપવાસમાં કાઉન્સીલરો અને આગેવાનો જોડાયા

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકારે સંવેદના ગુમાવી દીધી છે અને તેથી જ ગાંધી ચિંધ્યા માર્ગે આજે સત્તા સોંપણીના પ્રશ્ને આંદોલન કરવાની ફરજ પડી છે. સરકાર આથી પણ નહિ સાંભળે તો આગામી દિવસોમાં જલદ આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને સત્તા સોંપણીમાં સરકાર દ્વારા થઈ રહેલા અન્યાય સામે આજે કોંગીના કાઉન્સીલરો મેયર સહિત પ્રતીક ઉપવાસ પર બેઠા હતા. જેમાં શહેર સંગઠનના આગેવાનો પણ જોડાયા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠા ત્યારે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા કોંગ્રેસ પાર્ટી રચિત મહાનગરપાલિકાને સતત થઈ રહેલ અન્યાય અને અવગણના સામે નાછુટકે ઉપવાસ પર બેસવાની ફરજ પડી છે.

ભાજપ સરકાર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની ગ્રાન્ટ આપવાની વાતને લઈને આજે પાલિકાને દોઢ વર્ષ જેટલો સમય થવા આવ્યો હોવા છતાં પાલિકાને સફાઈ સિવાય બી.પી.એમ.સી. એક્ટ મુજબનાં કોઈ જ વહીવટ કે સત્તાઓ સોંપેલ નથી. પાણી વિતરણની જવાબદારી રાજ્ય સરકાર સંભાળતી હોવાથી પૂર્વગ્રહ રાખી પ્રજાને હેરાન કરવાની દૃષ્ટી રાખી ઓછા ફોર્સ અને ગંદા પાણીનું વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં ઉભરાતી ગટરોની સમસ્યા પણ દિન-પ્રતિદિન વધતી જાય છે. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર હોવા છતાં તેની

● અનુસંધાન પાન-૭ પર

અસહ્ય બફારાથી નગરજનો પરેશાન

ગાંધીનગર, તા. ૩૦

બે દિવસ અગાઉ ધોધમાર પડેલા વરસાદ બાદ આજે તડકો નીકળ્યો હતો. જો કે તડકો નીકળતા અસહ્ય બફારો અનુભવાયો હતો. વસાહતીઓ પંખા નીચે પણ પરસેવે રેબઝેબ થઈ જતા હતા.

ચોમાસાના અંતિમ દિવસોમાં ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં છુટા છવાયો વરસાદ પડી રહ્યો છે. બે દિવસ અગાઉ શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક જ રાતમાં લગભગ ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં વાતાવરણમાં અદ્‌ભૂત ઠંડક ફેલાઈ ગઈ હતી. હિલ સ્ટેશન જેવું વાતાવરણ અનુભવાયું હતું. જો કે આજે વાદળો વિખેરાઈ જતાં તડકો નીકળ્યો હતો. તડકો નીકળતા જ વાતાવણમાં ફેલાયેલી ઠંડક સાવ ગાયબ થઈ ગઈ હતી. તેના બદલે ગરમીનો અનુભવ થવા માંડ્યો હતો. જમીન ભીની હોવાથી તડકો નીકળતા જ બફારો થવા માંડ્યો હતો. દિવસે ઘરની બહાર નીકળો તો પરસેવે નાહી જવાતુ હતુ. પરસેવો એટલો બધો થતો હતો કે વસાહતીઓ કંટાળી ગયા હતા. પવન સાવ બંધ હોવાથી સૂર્યાસ્ત બાદ પણ બફારો યથાવત રહ્યો હતો.

વધુ ભાડુ વસુલતા રીક્ષા ચાલકો અંગે ટ્રાફિક શાખાને જાણ કરો

ભાડાપત્રક મુજબ ભાડુ આપવા નગરજનોને જિલ્લા પોલીસ અધિક્ષકની અપીલ

ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં બેફામ ભાડુ વસુલતા રીક્ષાચાલકો સામે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે મીટર પ્રથા મુજબ નિયત ભાડાથી વધુ રકમ વસુલવાના કિસ્સામાં મુસાફરોને ટ્રાફિક શાખાનો સંપર્ક કરવા જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું છે.

નગરમાં દોડતી રીક્ષાઓ પ્રદુષણ ઓકતી હોવાની સાથે બેફામ ભાડા વસુલતી હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્‌ભવી છે. દાયકાઓના અંતે પણ મીટર મુજબ ભાડુ વસુલવાનો અમલ ન થતા રીક્ષાચાલકો દ્વારા મુસાફરો પાસેથી મનસ્વી રીતે ભાડુ વસુલવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્‌ભવતા આમ નાગરિકોમાં પણ પ્રબળ રોષ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર મેડિકલ કોલેજને પ્રથમ દેહદાન પ્રાપ્ત થયું

વાવોલના શ્રમજીવી પરિવારના સ્વ. અમૃતભાઈ પરમારના દેહનું દાન તેમની અંતિમ ઈચ્છા મુજબ કરાયું

ગાંધીનગર, તા. ૩૦

આ દેહે સિવિલની સેવાઓ બહુ લીધી છે, દીકરા એટલે મારા મૃત્યુ બાદ આ દેહ સિવિલના કામમાં આવે તે માટે મારૂં દેહદાન કરજો તેવી અંતિમ ઈચ્છા વાવોલમાં દરજીકામ કરી કુટુંબ નિર્વાહ કરતા શ્રી અમૃતભાઈ પરમારની હતી.

આજે ગાંધીનગર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પ્રથમ દેહદાન એક સામાન્ય શ્રમજીવી પરિવારમાંથી મળ્યું છે. આ દેહદાન એનોટોમી વિભાગના વડા ડૉ. સૈયદ અને ડૉ. રૂપલ ગૌતમે સ્વીકાર્યું હતું. આ પ્રસંગે જુસિકાના શ્રી કમલ ચૌધરી, શ્રી દિનેશભાઈ તેમજ જુસિકાના અગ્રણીઓ અને અમૃતભાઈના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

૮૩ વર્ષની જૈફ વયે આજે સાંજે પાંચ વાગે મૃત્યુ પામ્યા હતા. કુદરતી મોતને પામેલા શ્રી અમૃતભાઈની ઈચ્છાને ધ્યાને રાખી પરિવારજનોએ જુસિકાને માધ્યમ બનાવી ગાંધીનગર મેડિકલ કોલેજના સત્તાવાળાઓનો સંપર્ક છ વાગ્યાના સુમારે સાધી દેહદાનની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેનો કોલેજ સત્તાવાળાઓએ સ્વીકાર કર્યો હતો.

શ્રી અમૃતભાઈ મૂળ સુરેન્દ્રનગરના વતની હતા. ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિમાં તેઓનો જન્મ થયો હતો. દરજી કામ કરી તેમણે તેમના નાનકડા પરિવારમાં સંસ્કારનું સિંચન કર્યુ હતું. તેમનો એક દીકરો વાવોલમાં આજે પણ દરજી કામ કરે છે તો બીજો દીકરે મિકેનીકલ ક્ષેત્રે કામ કરે છે. તેમની બે દીકરીઓમાંથી એક દીકરી ગાંધીનગર ટાઉન પ્લાનીંગની કચેરીમાં આર્કીટેક તરીકે ફરજો બજાવે છે. તો બીજી દીકરી હાઉસ વાઈફ તરીકે ગાંધીનગરમાં જ છે.

● અનુસંધાન પાન-૭ પર

અર્બન હેલ્થ સેન્ટરો ઝડપથી કાર્યાન્વીત કરવાનો નિર્ણય કરાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં ચાર અર્બન હેલ્થ સેન્ટરો ઝડપથી કાર્યાન્વિત કરવા માટેનો મહત્ત્વનો નિર્ણય આજે અર્બન હેલ્થ સોસાયટીની બેઠકમાં લેવાયો હતો.

મ્યુનિ. કમિશનરશ્રી મનોજ કોઠારીની અધ્યક્ષતામાં આજે મળેલ પ્રથમ બેઠકમાં અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત થાય તે અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં સે. ૨૮, ૩૦, ૧૭ અને સે. ૨માં અર્બન હેલ્થ સેન્ટરો શરૂ કરવા અંગે અગાઉ નિર્ણય લેવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

આજે આ બેઠકમાં આ અર્બન હેલ્થ સેન્ટર માટે જરૂરી કર્મચારીઓની ભરતીની પ્રક્રિયા પણ તાત્કાલિક હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ભરતી પ્રક્રિયા બાદ શહેરના હેલ્થ સર્વે માટેનું આયોજન પણ હાથ ધરવામાં આવશે તેવું આજની બેઠકમાં નક્કી કરાયું હતું.

ગાંધીનગર શહેરમાં અર્બન હેલ્થ પ્રોજેક્ટ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારે રૂા. ૬૮ લાખની ફાળવણી કરી છે. હવે ગાંધીનગર શહેરમાં આરોગ્ય પ્રોજેક્ટ ઝડપથી અમલમાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ અર્બન હેલ્થ સેન્ટરોનું સંચાલન કરાશે.

દિવાલ કબાટ (ફ્રેમ સ્પેશ્યાલીસ્ટ)

પેથાપુર ચાર રસ્તા, વિજય હોટલની નીચે, મહુડી રોડ
H.O.-શક્તિ કોમ્પલેક્ષ, ઓમ પીટીસી કોલેજની સામે, મોટા ચિલોડા

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક

શ્રી પેશ્રી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, રતનપ્લા બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com